## હરિની દૃષ્ટિ...




સર, જાવાના ચાર વર્ઝન છે... મર જાવા, મીટ જાવા, સડકે જાવા અને મીટ જાવા...!!!

# અક્ષરધામ પાસે દબાણો વધતા ટ્રાફિકની સમસ્યા વકરી

## નિયત જગ્યા કરતા વેપારીઓએ દબાણ વધારતા ફુટપાથ પર ચાલવાની જગ્યા નથી : ખાણીપીણીની લારીઓ અને બેજવાબદાર પાર્કિંગના કારણે પણ રોડ સાંકડો થઈ જાય છે

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગરના સુવિખ્યાત યાત્રાધામ અક્ષરધામ સામેના મુખ્ય માર્ગ પર વિવિધ ચીજવસ્તુઓ વેચતા વ્યવસાયિકોનું દબાણ અતિશય હદે વધી જવા પામ્યુ છે. આ દબાણ એટલી હદે વધી ગયું છે કે જેના કારણે મુલાકાતીઓને ચાલવા ફુટપાથ પણ મળતી નથી તેમજ વારંવાર અહીં ટ્રાફિક જામની સમસ્યા ઉભી થવા પામી રહી છે. રોડની વચ્ચે ડિવાઈડર છે અને બીજી તરફ લારીઓ ઉભી રહી જાય છે જેના કારણે માર્ગ અત્યંત સાંકડો બની જવા પામે છે જેના કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

અક્ષરધામ એ ગુજરાત રાજયનું સુપ્રસિધ્ધ યાત્રાધામ ગણાય છે. તેની ઉત્કૃષ્ઠ બાંધણીને કારણે જગવિખ્યાત બનેલા આ મંદિરની મુલાકાતે દેશ વિદેશથી દરરોજ હજારો સહેલાણીઓ આવે છે. મુલાકાતીઓના ધસારાને પહોંચી વળવા તેમજ ભૂતકાળમાં થયેલા આતંકવાદી હુમલાને લડતમાં રાખી અક્ષરધામના મુખ્ય ગેટ પર દર્શનાર્થીઓને ફરજિયાત લાઈનમાં જવું પડે છે. સુરક્ષાકર્મીઓની તપાસ વિધીના કારણે અંદર પ્રવેશમાં સમય લાગતો હોવાથી આ લાઈનો ખાસ કરીને રજાઓમાં લાંબી લચ્ચક થઈ ઘણી વાર રોડ સુધી પહોંચી જાય છે. અક્ષરધામની બરાબર સામે જ હસ્તકલા કારીગરીથી તૈયાર કરાયેલ પરંપરાગત વસ્ત્રોની હાટડીઓ આવેલી છે. આ ઉપરાંત ખાણી-પીણી, રમકડાં અને અન્ય ચીજવસ્તુઓનું વેચાણ કરતા વ્યવસાયિકો અહીં વેપાર કરી રહ્યાં છે. આ વ્યવસાયિકો માટે જગ્યા નિયત કરવામાં આવી છે આમ છતાં તમામ વેપારીઓએ દબાણ કરી ફુટપાથ સુધી તેમનું કાર્યક્ષેત્ર લંબાવી દીધું છે આ કારણે રાહદારીને ફુટપાથ શોધી જડતી નથી.

આ ઉપરાંત રોડની બંને તરફ નાસ્તા, ઠંડા પીણા, ફ્રુટ અને અન્ય નાની મોટી ચીજવસ્તુઓની લારીઓ અને ફેરિયાઓએ પણ અડ્ડા જમાવી દીધા છે. જેના કારણે મુખ્ય માર્ગ ખુબ જ સાંકડો થઈ જવા પામે છે. અધુરામાં પુરું હોય તેમ ઘણા વાહનચાલકો પણ તેમના વાહન રોડ પર ફુટપાથ નજીક પાર્ક કરી દેતા હોય છે. આ માર્ગની વચ્ચે મોટું રોડ ડીવાઈડર પણ બનાવાયેલું હોઈ માર્ગ અત્યંત સાંકડો થઈ જતા દિવસમાં અનેકવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે. આમ અહીં નાની મોટી તકરાર તું તું મૈં મૈંના દશ્યો ખુબ સામાન્ય થઈ પડયાં છે. આ માર્ગ પરનું ગેરકાયદેસર દબાણ સત્વરે હટાવાય અને માર્ગ પર કરાતા આડેધડ બેજવાબદાર પાર્કિંગને બંધ કરાવાય તેવી નગરજનો ઉપરાંત અક્ષરધામના મુલાકાતીઓમાં ઉગ્ર માંગ ઉઠવા પામી છે.



(તસવીર : કશ્યપ નિમાવત)



(તસવીર : કશ્યપ નિમાવત)

## ખૂણે ખાંચરેથી...

● શ્રાવણીયા ભક્તિના રંગે રંગાવામાં સચિવાલય પણ બાકાત રહી શક્યુ નથી. આજે શ્રાવણની ઉજવણી બે સત્યનારાયણ ભગવાનની કથા દ્વારા કરાઈ હતી. એક કથા સલામતી વિભાગના કર્મયોગીઓ દ્વારા તો એક કથા સરકારી ગાડીઓના સારથીઓ દ્વારા યોજાઈ હતી.

● ગાંધીનગરના જાણીતા ફિઝીશ્યન ડૉ. હરેશ ઠેકડીનો આજે જન્મદિવસ હતો જે તેમણે સાદગીથી શાળાના મિત્રો સાથે સંસ્મરણોને વાગોળી ઉજવ્યો હતો.

● જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે આજે ગતિશીલ ગુજરાત અંતર્ગત થયેલ કામગીરીની સમીક્ષા કરી હતી.

● જાણીતા સાહિત્યકાર શ્રી માધવ રામાનુજ આજે ગાંધીનગરની મુલાકાતે આવ્યા હતા.

● ગાંધીનગર જિલ્લા પંચાયતની જુદી જુદી કેડરોમાં પસંદગી પામેલા યુવાનોને આ સપ્તાહના અંત સુધીમાં નિમણુંકપત્ર આપી દેવામાં આવશે.

● ગાંધીનગર જિલ્લાના બે નાયબ મામલતદારોને મામલતદાર તરીકેની બઢતી અપાયાના ગણતરીના કલાકોમાં જ બદલી થવા પામી છે.

● ગાંધીનગર જિલ્લાના સાત નાયબ મામલતદારોની બઢતી સાથે બદલી થતાં જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકરે આજે મોડી રાત્રે ૧૭ જેટલા નાયબ મામલતદારોની બદલીના હુકમો કર્યા છે.

# ગાંધીનગર જિલ્લામાં સિવિલના કામો માટે વકીલોની પેનલ તૈયાર કરાશે

## લાયકાત ધરાવતા ઉમેદવારોએ ૨૫ સપ્ટેમ્બર સુધીમાં અરજી કરવાની રહેશે

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લામાં સિવિલ પ્રકારના કામો માટે પાંચ મદદનીશ સરકારી વકીલ અને ત્રણ એડિશનલ પબ્લીક પ્રોશીક્યૂટર તરીકેની પેનલ બનાવવામાં આવશે. જેમાં મદદનીશ સરકારી વકીલ અને એડિશનલ પબ્લીક પ્રોસીક્યુટરની જગ્યા માટે લાયકાત ધરાવતા વકીલોની પેનલ તૈયાર કરવામાં આવશે.

એડિશનલ પબ્લીક પ્રોસીક્યુટરની પેનલમાં સમાવિષ્ટ થવા માટે જિલ્લા કોર્ટમાં ઓછામાં ઓછો સાત વર્ષનો સક્રીય અનુભવ, ૫૫ વર્ષથી ઓછી ઉંમર તેમજ પોતાની નિમણુંકના ઓછામાં ઓછા પૂર્વેની મુદત માટે આવક વેરા કર દાતા હોવુ પણ અનિવાર્ય છે. જ્યારે મદદનીશ સરકારી વકીલના પેનલમાં સમાવિષ્ટ થવા જિલ્લા કોર્ટમાં પાંચ વર્ષથી સક્રિય તેમજ એક વર્ષની મુદત માટે આવક વેરા કરદાતા હોવાની લાયકાત અનિવાર્ય છે. આગામી ૨૫મી સપ્ટેમ્બર સુધીમાં ઉમેદવારોએ પોતાની અરજી પ્રમાણપત્રો તેમજ આવકવેરા રીટન સાથે રૂ. ૨૦ના સ્ટેમ્પ પર નોટરી કરાવીને ગાંધીનગર જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરીએ મોકલી આપવા જણાવાયું છે.

## દલિત સમાજની માહિતી પુસ્તિકાનું વિમોચન

દલિતસેના દ્વારા તેજસ્વી તારલાઓ, નિવૃત્ત કર્મચારીઓનું તેમજ દલિત સમાજની માહિતી પુસ્તિકાનો વિમોચન સમારોહ તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ બપોરે ૧ કલાકે ૧૩૫ ગોળ વણકર સમાજની વાડી, હાંસાપુર ખાતે આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહમાં પાટણ જિલ્લાના દલિત સમાજના તેજસ્વી તારલા અને નિવૃત્ત કર્મચારીઓએ અચૂક હાજર રહેવા દલિત સેનાના ઉપપ્રમુખ જે.બી. ધત્રારીયાએ જણાવ્યું છે.

# પેથાપુરનાં આધેડે રસોડાનાં પંખે લટકી ફાંસો ખાઈ લીધો

## વહેલી સવારે નાઈલોન દોરી પંખે બાંધીને આધેડે કરેલા આપઘાતનું રહસ્ય અકબંધ

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર નજીક પેથાપુર ગામમાં તરપોઈ વાસમાં રહેતા ૪૫ વર્ષીય આધેડે આજે વહેલી સવારે છ વાગ્યાના અરસામાં પોતાના મકાનના રસોડામાં જઈ પંખે લટકી જઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ઘટનાની જાણ થતાં પેથાપુર પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતનું કારણ બહાર લાવવા તજવીજ શરુ કરી છે.

પેથાપુરના તરપોજ વાસમાં રહેતા ૪૫ વર્ષીય અમરતજી શંકાજી ઠાકોરને લગ્ન બાદ ચાર સંતાન છે. બે દિકરી અને બે દિકરાઓ મળી ચારેય સંતાનને આજે વહેલી સવારે અમરતજીએ કોઈ કારણોસર અલવિદા કરી દીધી હતી. આજે વહેલી સવારે છ વાગ્યાના અરસામાં કોઈ અગમ્ય કારણોસર અમરતજી પોતાના મકાનના રસોડામાં ગયા અને રસોડાના પંખે નાયલોન દોરી બાંધી ગળે ફાંસો ખાઈને જીવનલીલા સંકેલી નાંખી હતી. આપઘાત કરવા પાછળનું કારણ હજુ અકબંધ છે. પેથાપુર પોલીસને જાણ થતા હેડ કોન્સ્ટેબલ ધિરજકુમાર બનાવ સ્થળે પહોંચી ગયા હતા અને અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને મૃતદેહ પી.એમ. કરાવી ગુનાની ઝીણવટભરી તપાસ શરુ કરી છે.



ઋતુ પરિવર્તન સાથે ફૂલો ફળોની મોસમ પણ બદલાય છે. બજારમાં કોઠા દેખા દીધા છે. ખાસ કરીને બાળકોમાં પ્રિય એવા ખટમીઠા કોઠાનું વધુ પડતું વેચાણ શાળા-કોલેજોની બહાર જોવા મળે છે. (કશ્યપ નીમાવત)

## ક્ષમા : રાખો, માંગો અને આપો




### પરમપુજ્ય આચાર્યશ્રી અરુણોદયસાગર મહારાજ સાહેબની અમૃત વાણી

### પર્યુષણ બીજો દિવસ

ક્ષમા રાખવાની માંગવાની અને આપવાની પર્વાધિરાજના આ દિવસો દરમિયાન દેરાસરમાં કે ઉપાશ્રયમાં પ્રતિક્રમણના સમયે કે વ્યાખ્યાનનાં સમયે કે તપના દિવસોમાં કે પારણાનાં દિવસોમાં અજાણતા કે જાણતા કોકના હાથે આપણી અપેક્ષા તૂટે, કોકના દ્વારા પ્રતિકુળતા ઉભી થાય, કોકના મુખેથી કર્કશ વચનો સાંભળવાનો પ્રસંગ આવે તો ય લેશ પણ આવેશમાં આવ્યા વિના આપણે ક્ષમા જ રાખવાની! મુખને હસતુ રાખવાનું અને ચિત્તને પ્રસન્ન રાખવાનું આ વાત થઈ ક્ષમા રાખવાની.

વર્ષ દરમિયાન આપણા દ્વારા થયેલા વર્તનથી કોઈનું પણ મન દુભાયુ હોય તો અંતઃકરણપૂર્વક એની ક્ષમા માંગવાની! શકય હોય તો રૂબરૂમાં જઈને ક્ષમા માંગવાની અને એ કદાચ ન હોય તો છેવટે સંવત્સરી પ્રતિક્રમણ કરતાં પહેલા યાદ કરીને પણ ક્ષમા માંગવાની અને પોતાની ભૂલ બદલ આપણી પાસે કોઈ ક્ષમા માગવા આવે તો મનમાં લેશ પણ ડંખ રાખ્યા વિના પ્રસન્ન ચિત્તે પર્વધિરાજના હાર્દને નજર સામે રાખીને એને ક્ષમા આપવાની.

પણ મહત્વની વાત એ છે કે ક્ષમા રાખી કોણ શકે? ક્ષમા માંગી કોણ શકે અને ક્ષમા આપી કોણ શકે. આ રહ્યો એનો જવાબ. સમાર્થ્યવાન ક્ષમા રાખી શકે, નમ્ર માણસ ક્ષમા માંગી શકે અને ઉદાર માણસ ક્ષમા આપી શકે, મન જ જો માયકાંગલુ હોય સત્વહીન હોય અપેક્ષા વિરુધ્ધ કંઈ પણ બનતા ખળભળી ઉઠે તેવું હોય પોતાના પુણ્યની મર્યાદાની જેને ખ્યાલ ન હોય સામી વ્યકિતની પાત્રતા ન સમજવા જેટલી જેનામાં સમજ ના હોય એવો માણસ ક્ષમા રાખી શકે એ વાતમાં માલ નથી. અહંકારથી જેનું ચિત્ત ગ્રસિત હોય ઝુકવાની વૃત્તિને જે કમજોરી માનતો હોય સામાના દિલને જીતવા માટે પ્રેમ એ અકસીર ઈલાજ જ છે. એ વાત જેને મશ્કરી રૂપ લાગતી હોય! હું એ કાંઈક છું એવી વૃત્તિ જેના મનમાં ઘર કરી ગઈ હોય આવો માણસ સામે ચાલીને પોતાના અપરાધોની ક્ષમા માંગે એવી કોઈ શકયતા નથી અને પોતાને થયેલા નુકસાનને ગૌણ માનવા જેટલી ઉદાત્ત વૃત્તિ જેનામાં ના હોય પ્રેમશૂન્ય જીવન એ તો લાશનું જીવન છે. એનો જેને ખ્યાલ ન હોય હૃદયની ઉદારતા જ જીવનને રસ સભર બનાવી રાખે છે. સામી વ્યકિતએ કરેલી ભૂલ પાછળ શકય છે કે કુસંસ્કારોનું જોર હોય અથવા તો પરિસ્થિતિની પરવસ્તા હોય આવું સમાધાન કરવાની જેનામાં આગવી કળા ન હોય એ વ્યકિત સામાને ક્ષમા આપી શકે એ વાતમાં કોઈ માલ નથી. ક્ષમા એ તો પ્રાણ છે. પર્યુષણના જો આ દિવસોમાંએ ન બનીએ સામાર્થવાન, ન અપનાવીએ નમ્રતા અને ન કેળવીએ ઉદારતા તો બીજી બધી ગમે તેટલી પણ કરાતી ધર્મ સાધનાનું કોઈ મુલ્ય નથી એમ જ્ઞાની ભગવતો કહે છે. અલબત્ત આ દિવસોમાં ક્ષમા રાખવામાં આપણને કદાચ વાંધો આવે તેમ નથી પણ જે મુશ્કેલી પડે છે એ ક્ષમા માંગવામાં અને ક્ષમા આપવામાં પણ જો આપણા જ પોતાના અનંતકાળના સંસાર પરિભ્રમણને નજર સામે રાખીએ તો આ બંનેમાંથી એક પણ બાબતનો અમલ આપણા માટે કઠીન નથી, જિનશાસન તો ત્યાં સુધી કહે છે કે સંવત્સરી પ્રતિક્રમણ કરતા પહેલા જ આત્મા એ પોતાના અપરાધોની શુધ્ધ અંતઃકરણપૂર્વક ક્ષમા માંગવી.

## રાણી શક્તિ સેવા સમિતિ દ્વારા ધાર્મિક કાર્યક્રમોનું આયોજન

રાણી શક્તિ સેવા સમિતિ દ્વારા ભાદ્રપદી અમાવાસ્યા પ્રસંગે તા. ૧૨ સપ્ટેમ્બર, શનિવારથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ભાદરવા વદ ચૌદશના અને અમાવાસ્યાના દિવસે તથા ગણેશ ચતુર્થી નિમિત્તે કેટલાંક ધાર્મિક તથા અન્ય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૧૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૬.૩૦ કલાકે મંગલા આરતીથી કાર્યક્રમનો પ્રારંભ થશે. આ પ્રસંગે યોજોયલ છપ્પનભોગ દર્શન બપોરના ૧.૦૦ વાગ્યા સુધી ચાલશે. કાર્યક્રમના ભાગરૂપે 'મહેદી, સંગીત અને વેશભૂષા'નું આયોજન કરાયું છે.

# વાવોલમાં બીએસએનએલ લેન્ડ લાઈન સેવામાં બે માસથી ધાંધિયા

## લાઈટ જાય એટલે તરત ટેલિફોન બંધ થઈ જાય છે પછી કલાકો સુધી ચાલુ થતો નથી : સબ એક્ચેન્જમાં પાવર બેકઅપ માટે નવી બેટરી માંગવામાં આવી છે પરંતુ ક્યારે આવશે તેની કોઈને ખબર નથી

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના ગુડા વિસ્તાર વાવોલમાં છેલ્લા બે માસથી બીએસએનએલ લેન્ડલાઈન ફોન લાઈટ જાય એટલે બંધ થઈ જતા હોવાથી ગ્રાહકો હેરાનગતિ ભોગવી રહ્યાં છે. ટેલિફોન તંત્રમાં અનેક ફરિયાદો કરવા છતાં આ સમસ્યાનો ઉકેલ આવતો નથી. જેના કારણે ગ્રાહકોમાં અસંતોષની લાગણી ફેલાવા પામી છે. અહી વારંવાર લાઈટો જવાની સમસ્યા હોવાથી ટેલિફોન બંધ થઈ જવાની મુશ્કેલી વધી જવા પામી છે.

વાવોલમાં બીએસએનએલનું સબ એક્ચેન્જ કાર્યરત છે પરંતુ ગ્રાહકોએ ત્યાં અસંખ્યવાર ફરિયાદ કરવા છતાં છેલ્લા બે માસથી બ્હેરા કાને અથડાઈ પાછી ફરી રહી છે. સબ એક્ચેન્જમાં આમ તો ૧ હજાર કનેકશન થઈ શકે તેટલી સુવિધાવાળુ બોર્ડ છે. પરંતુ ગામમાં આશરે સવાસો જેટલા જ કનેકશન કાર્યરત છે. બીએસએનએલની વારંવાર સર્વિસ ખોટકાતી હોવાના કારણોસર ગ્રાહકો પણ દૂર થઈ રહ્યા છે. અગાઉ વાવોલમાં ક્યારેક બસ્સોથી વધુ કનેકશન હતા જે વધવાને બદલે ઘટીને સવાસો જેટલા જ વધ્યા છે. જે કનેકશન વધ્યા છે તે પણ બ્રોડબેન્ડ સેવાના કારણે જ છે પરંતુ તે સેવામાં પણ ગ્રાહકોની ફરિયાદોનું પ્રમાણ વધુ રહે છે.

બીએસએનએલના અધિકારીઓ સાથે સંપર્ક કરવાનો પ્રયાસ કરતા જાણવા મળ્યું છે કે વાવોલ સબ એક્ચેન્જમાં લાઈટ જાય ત્યારે બેકઅપ માટે લગાડાયેલી બેટરીનું આયુષ્ય પુરૂ થઈ ગયું છે. બીએસએનએલ દ્વારા નવી બેટરી માટે કાર્યવાહી હાથ ધરી છે અને ૪૦૦ એમ્પિયરની ૨૪ સેલની બેટરી મંજુર પણ થઈ જવા પામી છે પરંતુ હજુ સુધી કેમ ખરીદવામાં આવતી નથી અને સબ એક્સચેન્જને આપવામાં નથી આવતી તે અંગે સ્પષ્ટ જવાબ મળતો નથી. તંત્રની આ લાલિયાવાડીના કારણે સરકારી કંપનીના ગ્રાહકો ઓછા થઈ રહ્યા છે. અને જે છે તે પણ હાલાકી ભોગવી રહ્યા છે. ગવર્મેન્ટ દ્વારા પીએસયુ યુનિટોના સારા વહીવટ માટે સ્વતંત્રતા આપવાનો નિર્ણય અહીં સાર્થક થયો હોય તેમ લાગતુ નથી. હાલ તો ગ્રાહકો દ્વારા આ મુશ્કેલી સત્વરે દૂર થાય તેવી તીવ્ર માંગ ઉઠવા પામી છે.

## ડભોડામાં ચાલતા વરલી મટકાના અડ્ડા પર દરોડો

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર નજીકના ડભોડા ગામમાં સ્થિત રેલવે સ્ટેશન પાસે વરલી મટકાનો જુગાર રમાડાઈ રહ્યો હોવાથી બાતમીને આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડી ત્રણ શખ્સોને રોકડ રૂ. ૧૦,૮૫૫ તથા વરલી મટકાના સાહિત્ય સાથે ઝડપી પાડ્યા હતા. જ્યારે એક શખ્સ હજુ વોન્ટેડ છે. ડભોડા રેલવે સ્ટેશન બાજુમાં વરલી મટકાનો જુગાર રમાડવાનો અડ્ડો ચાલી રહ્યો હોવાની બાતમી ગાંધીનગર એલસીબી પીઆી આશુતોષ પરમારને મળતા તેમની ટીમે દરોડો પાડ્યો હતો. ડભોડા ગામના ત્રણ શખ્સો વિનોદ ગોકા ઠાકોર, બંકીમ ખોડીદાસ પટેલ અને વિક્રમ અજીતસિંહ બિહોલાની ૧૦,૮૫૫ રોકડ તથા અન્ય વરલી મટકાના સાહિત્ય સાથે ધરપકડ કરી લેવાઈ છે. જ્યારે મુખ્ય સુત્રધાર અજીત પૃથ્વીસિંહ બિહોલા હજુ વોન્ટેડ છે. આ પ્રકરણમાં ડભોડા પોલીસમથકે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરાર આરોપીની પણ પોલીસે શોધખોળ શરૂ કરી છે.



## લીંબોદરાની જય પ્રસન્ન સ્કૂલમાં જીવદયા ઉજાગર કરતો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાની લીંબોદરા ખાતે જય પ્રસન્ના ઈંગ્લિગ મિડિયમ સ્કૂલના બાળકો દ્વારા મૂંગા પશુ-પંખીઓ પરના અત્યાચાર ઘટાડવા અને તેમના પ્રત્યે સદ્ભાવનાની લાગણી પ્રસરાવવાના હેતુથી અનોખો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ ભૂલકાંઓએ પિંજરામાં પુરાયેલી એક સો જેટલી નાની - નાની ચકલીઓને ગગનમાં મુક્ત વિહાર અર્થે છોડી મુક્ત કરી હતી. પુનિત ધામ જૈનતીર્થના આચાર્ય પૂ. પ્રસન્ન કિર્તી સાગર સુરિશ્વરજી મ.સા. તથા મુનિવર્ય ભવ્યકિર્તીસાગર મ.સા.ની પ્રેરણાથી યોજવામાં આવેલા આ કાર્યક્રમમાં બાળકોને અબોલ જીવો પ્રત્યે અનુકંપા ફેલાય તેમજ સમાજ જીવનને પ્રેરણા મળે તે હેતુથી ચકલીઓને મુક્ત કરવામાં આવી હતી. પશુ-પક્ષીઓ પ્રત્યેની જીવદયા ઉજાગર થાય અને તેમની હિંસા ઘટે તે હેતુથી આ પ્રયાસ હાથ ધરાયો હતો.

# કોંગ્રેસ જિલ્લાની બેઠકો પર જઈ રજુઆતો સાંભળશે

ગાંધીનગર, તા. ૧૦

આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ સંદર્ભે કોંગ્રેસ પક્ષ દ્વારા ચૂંટણીલક્ષી આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગર જિલ્લા પંચાયત તેમજ માણસા, દહેગામ અને કલોલ તાલુકા પંચાયતની યોજાનાર સામાન્ય ચૂંટણીઓ માટે ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા જિલ્લા-તાલુકા પંચાયતની બેઠકવાર નિરિક્ષકોની નિમણુંક કરી ચૂંટણીનો માહોલ ઉભો કરી ચૂંટણીલક્ષી કામગીરીનો આરંભ કર્યો છે. જેના ભાગરૂપે જિલ્લા કોંગ્રેસ દ્વારા જિલ્લા પંચાયતની દરેક બેઠક ઉપર સભાઓ યોજીને સ્થાનિક કક્ષાએ ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા ઉપરાંત ચૂંટણી જીતવાના સમીકરણો માંડવા અને મતદારો કોંગ્રેસ પક્ષની તરફેણમાં મતદાન કરી કોંગ્રેસ પક્ષના ઉમેદવારને વિજયી બનાવે તે માટે પ્રદેશ જિલ્લાના આગેવાનોએ ગત તા. ૯-૯-૨૦૧૫ના રોજ માણસા તાલુકાની છ જિલ્લા પંચાયત બેઠકો ઉપર થયેલી સભામાં જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. તેવું જિલ્લા કોંગ્રેસ પ્રમુખશ્રી સૂર્યસિંહ ડાભીએ જણાવ્યું છે.

**તારીખ : ૧૧-૯-૨૦૧૫ શુક્રવાર**

| જી.પં. બેઠક | સમય | સ્થળ |
|---|---|---|
| છાલા | સવારે ૯ | અંબાજી મંદિર, ગીયોડ |
| ડભોડા | સવારે ૧૧ | મહંત ગીરીદાસ હોલ, હનુમાનજી મંદિર, ડભોડા |
| ચિલોડા(ડ) | બપોરે ૧૨ | નાઈટક્વીન હોટલ, ચીલોડા |
| કુડાસણ | સાંજે ૫ | પ્રેક્ષાભારતી, કોબા પાટીયા |

**તારીખ : ૧૨-૯-૨૦૧૫ - શનિવાર**

| જી.પં. બેઠક | સમય | સ્થળ |
|---|---|---|
| વાવોલ | સવારે ૯ | વાવોલ ગ્રામ પંચાયત, વાવોલ |
| કોલવડા | સવારે ૧૧ | વિષ્ણુભાઈ પટેલના બોર પર, કોલવડા |
| રાંધેજા | બપોરે ૨ | સ્વાગત હોટલ, રાંધેજા |
| ઉવારસદ | બપોરે ૩ | ખાંટ વાસ, મહોતજી બબાજીના ઘરે, ઉવારસદ |
| ઝુંડાલ | સાંજે ૫ | કોલેજની સામે, રામજી મંદિર, ઝુંડાલ |